# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**"શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨ જાહેરનામામાં સુધારો"**

**"Teacher Eligibility Test-II (TET-II)-2022 Addition in Notification"**

**જાહેરનામા ક્રમાંક:રાપબો /TET-II /૨૦૨૩/ 3109-3195** **તા:૧૮/૦૩/૨૦૨૩**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ થી "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૦-૨૨૩-ક થી ધો. ૬ થી ૮ ઉચ્ચત્તર પ્રાથમિક શાળા માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે શૈક્ષણિક અને તાલીમી લાયકાત નિયત કરવામાં આવેલ જેમા કેટલીક નવી લાયકાતો ઉમેરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના તા.૧૮/૦૩/૨૦૨૩ પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૨/પ્રાશિનિ-૨૩૮-ક થી શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ ના ઠરાવ થી નિયત કરવામાં આવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો TET-II ની પરીક્ષા પહેલા ફોર્મ ભરી શકે તે માટેની આનુંષગિંક કાર્યવાહી કરવા જણાવેલ છે.

જેથી શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ ના ઠરાવ થી નિયત કરવામાં આવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો નીચેની વિગતે http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ અને નેટ બેંકીંગ મારફત ફી ભરી શકશે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૦/૦૩/૨૦૨૩ થી ૨૯/૦૩/૨૦૨૩ |
| ૨ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૦/૦૩/૨૦૨૩ થી ૨૯/૦૩/૨૦૨૩ |
| 3 | પરીક્ષાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૩ |

TET-II ની પરીક્ષા આપવા અત્રેની કચેરીના તા.૧૭-૧૦-૨૦૨૨નાં જાહેરનામાના અનુસંધાને જે ઉમેદવારોએ ફોર્મ ભરેલ હતા તે ઉમેદવારો તેમજ આ સુધારેલા જાહેરનામા અને શિક્ષણ વિભાગનાં ઠરાવ તા.૧૭-૦૩-૨૦૨૩નાં ઠરાવથી નિયત કરેલ શૈક્ષણિક લાયકાતો ધરાવતા તા.૨૯-૦૩-૨૦૨૩ સુધી ઓનલાઇન આવેદનપત્રો ભરનાર તમામ ઉમેદવારોની કસોટી તા.૨૩-૦૪-૨૦૨૩નાં રોજ યોજાશે.

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૧૮/૦૩/૨૦૨૩

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબતે સંકલિત ઠરાવ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

સચિવાલય,ગાંધીનગર

તારીખ:-૧૭-03-૨૦૨૩

વંચાણમાં લીધાઃ-

(૧) શિ.વિ.નો તા. ૨૭-૦૪-૧૧નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

(૨) શિ.વિ.નો તા. ૧૧-૦૭-૧૧નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧-૨૦૧૦-સીંગલફાઈલ-૭-ક

(૩) શિ.વિ.નો તા. ૧૪-૦૭-૧૧નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

(૪) શિ.વિ.નો તા. ૨૬-૦૪-૧૨નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલફાઈલ-૭-ક

(૫) શિ.વિ.નો તા. ૦૩-૦૫-૧૨નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

(૬) શિ.વિ.નો તા. ૧૮-૦૫-૧૨નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક

(૭) શિ.વિ.નો તા. ૨૧-૦૪-૧૬નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૧૦/૨૨૩-ભાગ-૨/ક

(૮) શિ.વિ.નો તા. ૨૮-૦૪-૧૬નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલફાઈલ-૭-ક

(૯) શિ.વિ.નો તા. ૧૫-૧૦-૨૨નો સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક

(૧૦) TET-2 પરીક્ષા માટેની લાયકાતમાં સુધારો કરવા માટે ફાઇલ ક્રમાંક પીઆરઇ/૧૧૧૦ ૨૨૩/ક(પાર્ટ-૨) પર મળેલ વિવિધ રજુઆતો

(૧૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા.૩૧/૧૨/૨૦૨૨ના પત્ર ક-પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૧૨૦૭૬ થી મળેલ અભિપ્રાય/દરખાસ્ત.

(૧૨) TET-2 પરીક્ષામાં લાયકાત નકકી કરવા બાબતે મળેલ રજૂઆતો અંગે તા.૧૬-૦૨-૨૦૨૩ના રોજ શિક્ષણ વિભાગ ખાતે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ

(૧૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪-૦૨-૨૦૨૩નો પરિપત્ર ક:GAD/MSM/e-file/1/2023/0574 /ARTD-1

<u>આમુખ:-</u>

ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા(સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે રાજયમાં પ્રાથમિક

શિક્ષણ ધોરણ-૧ થી ૭ ને બદલે હવે પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૮ નિયત કરેલ છે. જેમાં ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી (૯) મુજબના ઠરાવોથી જિલ્લા શિક્ષણ સમિતિ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા માટે પ્રાથમિક શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાતો નક્કી કરવામાં આવેલ હતી. જે અન્વયે ઉક્ત લાયકાતોમાં સુધારા કરવા માટે સંદર્ભ ક્રમાંક-(૧૦) મુજબની વિવિધ રજુઆતો મળેલ હતી. આ રજૂઆતો પરત્વે વિચારણા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી. અને આ સમિતિની તા.૧૬-૦૨-૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં રજૂઆતો અંગે ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવેલ. તથા ઉક્ત રજુઆતો પરત્વે સંદર્ભ-(૧૧) મુજબના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

તદુપરાંત વંચાણે લીધેલ ક્રમાંક-(૧૨) મુજબના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રથી એક જ વિષયવસ્તુને લગતા અલગ-અલગ સમયગાળામાં પ્રસિધ્ધ કરાયેલ અને હાલમાં અમલમાં હોય તેવા તમામ ઠરાવ/પરિપત્રની સમીક્ષા કરી જરૂરી તમામ સૂચનાઓને આવરી લઇ એક સંકલિત ઠરાવ/પરિપત્ર પ્રસિધ્ધ કરવા સૂચના આપેલ છે. જે ધ્યાને લઇ જિલ્લા શિક્ષણ સમિતિ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા માટે પ્રાથમિક શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાતો નક્કી કરવા બાબતે વંચાણે લીધેલ ઠરાવોને સંકલિત કરી એક સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

<u>ઠરાવ:-</u>

૧. <u>પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક :</u>

ધો. ૧ થી ૫ પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક/શિક્ષકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) <u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત :</u>

(I) <u>શૈક્ષણિક લાયકાત :</u> ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ અને

(ii)<u>તાલીમી લાયકાત :</u> ઉમેદવાર નીચે પ્રમાણેની તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(ક) બે વર્ષ પી.ટી.સી./D.El.Ed. *અથવા*

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed.) અથવા

(ગ) બે વર્ષનો ડીપ્લોમાં ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની જગ્યાઓ એચ.એસ.સી. અને પી.ટી.સી./D.El.Ed. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી. (વિજ્ઞાન

પ્રવાહ) માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ તાલીમી ઉમેદવારોથી ભરવાની રહેશે, જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી. અને પી.ટી.સી./D.El.Ed.ના ઉમેદવારોથી ભરવાની રહેશે.

(ક) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલિજિબીલીટી ટેસ્ટ – TET-1) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે.

(ડ) <u>ગુણાંકન પદ્ધતિ:</u>

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી.(TET-1)માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

(i) <u>પી.ટી.સી./D.El.Ed./**B.El.Ed.**/ડીપ્લોમાં ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)ની લાયકાત ધરાવતાં ઉમેદવારો માટે :</u>

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| સ્નાતક કક્ષાએ મેળવેલા ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી./D.El.Ed./B.El.Ed./ડીપ્લોમાં ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.(TET-1)માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

*નોંધ:- પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા. ૭-૭-૦૮ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્ય શિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોકત ટકાવારી ગણવાની રહેશે. D.El.Ed. ગુણ ગણતરી માટે બીજા વર્ષના પરિણામમાં દર્શાવેલ 'Marks of Merit' ધ્યાને લેવાના રહેશે. વધુમાં વખતો વખત રાજ્ય સરકાર તરફથી નકકી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.*

૨. <u>ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક :</u>

ધો. ૬ થી ૮ ઉચ્ચતર પ્રાથમિક શાળા માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(A) <u>ગણિત વિજ્ઞાન શિક્ષક:-</u>

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/શિક્ષક (ગણિત વિજ્ઞાન ) કહેવાશે.

(i) શૈક્ષણિક અને તાલીમી લાયકાત:

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: બી.એસસી./બી.ઈ./બી.ટેક. અને |
| તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી./D.El.Ed. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસસી./બી.ઈ./બી.ટેક. અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ. |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એસસી, એજયુકેશન (B.Sc.Ed.) |

અથવા

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી./બી.ઈ./બી.ટેક. અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ. (સ્પેશીયલ એજયુકેશન) |

(ii) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ-ટી.ઈ.ટી. (TET-2)ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ- ગણિત/વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ-ટી.ઈ.ટી.-TET-2) માં નિયત થયેલ લધુતમ ગુણ મેળવવાના રહેશે.

(iii) <u>ગુણાંકન પદ્ધતિ :-</u>

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. (TET-2) માં નિયત થયેલ લધુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

(a) બી.એસસી./બી.ઈ./બી.ટેક. અને બી.એડ./પી.ટી.સી./D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એસસી./બી.ઈ./બી.ટેક.માં મેળવેલા ગુણના | ૨૦ ટકા |
| એમ.એસસી./એમ.ઈ./એમ.ટેક. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી./D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>અથવા</u>

(b) ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ અનુસરવાની રહેશે. (ચાર વર્ષનો અભ્યાસક્રમ)

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એસસી.,બી.એડ/B.El.Ed. માં મેળવેલા ગુણના | ૪૫ ટકા |
| એમ.એસસી. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(B) <u>ભાષાઓના વિદ્યાસહાયક/શિક્ષક :</u>

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/શિક્ષક (ભાષા) કહેવાશે.

(i) <u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત:-</u>

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: બી.એ./બી.આર.એસ/બી.એસ.એસ.સી., .(અંગ્રેજી)/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે) અને |
| તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી./ D.El.Ed. |

<u>અથવા</u>

| |
|---|
| શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ. . /બી.એસ.એસ.સી. (અંગ્રેજી)/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે) અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ |

<u>અથવા</u>

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ -૧૨ (એચ.એસ.સી) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઈન ઈલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.) |

<u>અથવા</u>

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ધોરણ -૧૨ (એચ.એસ.સી) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને |
| તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ. /બી.આર.એસ. /બી.એસ.એસસી. |

| |
|---|
| (અંગ્રેજી/ગુજરાતી/ હિન્દી/સંસ્કૃત વિષય સાથે), એજયુકેશન (B.A.Ed.) |

<u>અથવા</u>

| |
|---|
| શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ. /બી.આર.એસ. / બી.એસ.એસસી. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે), અને |
| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) |

(ii) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ) TET-2 ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ(ભાષાઓ) ,અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ) TET-2 માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવવાના રહેશે.

(iii) <u>ગુણાંકન:</u>

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને TET માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

(a) બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે), અને બી.એડ. પી.ટી.સી./ D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન)ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એ./બી.આર.એસ/બી.એસ.એસ.સી.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે)/ માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./એમ.આર.એસ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત વિષય સાથે)માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી./ D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી. (TET-2)માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>અથવા</u>

(b) ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ અનુસરવાની રહેશે

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એ/બી.આર.એસ./બી.એસ.એસસી.,બી.એડ/B.El.Ed. માં મેળવેલા ગુણના | ૪૫ ટકા |
| એમ.એ./એમ.આર.એસ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી. (TET-2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(C) <u>સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક/શિક્ષક:</u>

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક ઉચ્ચ પ્રાથમિક વિદ્યાસહાયક/શિક્ષક (સામાજિક વિજ્ઞાન) કહેવાશે.

(i) <u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત:</u>

શૈક્ષણિક લાયકાત : બી.એ. /બી.આર.એસ./બી.એસ.એસસી., (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન (Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી.કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને

તાલીમી લાયકાત : બે વર્ષીય પી.ટી.સી/D.El.Ed.

<u>અથવા</u>

શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ. /બી.આર.એસ./ બી.એસ.એસસી., (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન (Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી.કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને

તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ

<u>અથવા</u>

શૈક્ષણિક લાયકાત : ધોરણ -૧૨ (એચ.એસ.સી) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઈન ઈલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.)

<u>અથવા</u>

શૈક્ષણિક લાયકાત : ધોરણ -૧૨ (એચ.એસ.સી) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ. ./બી.આર.એસ./બી.એસ.એસસી., (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન (Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) તથા બી.કોમ. એજયુકેશન (B.A.Ed/B.R.S.Ed./ B.S.Sc.Ed./B.com.B.Ed.)

<u>અથવા</u>

શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ. /બી.આર.એસ./ બી.એસ.એસસી., (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૃહ વિજ્ઞાન (Home Science) તથા ભારતીય સંસ્કૃતિ (Indian Culture) વિષય સાથે) અથવા બી.કોમ. અથવા બી.સી.એ. અથવા બી.બી.એ. અને

| તાલીમી લાયકાત : એક/બે વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) |
|---|

(ii) આ વર્ગ માટે નિયત થયેલ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી- ટેસ્ટ-ટી.ઈ.ટી.TET -2 ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ- સામાજિક વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી- ટેસ્ટ-ટી.ઈ.ટી. TET -2)માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવવાના રહેશે.

(iii) <u>ગુણાંકન:</u>

ઉપરોકત શૈક્ષણિક, તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. (TET-2) માં નિયત થયેલ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

(a) બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી/બી.કોમ./બી.સી.એ./બી.બી.એ. અને બી.એડ./ પી.ટી.સી./D.El.Ed./ બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી/બી.કોમ./બી.સી.એ./બી.બી.એ.માં મેળવેલા ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./એમ.આર.એસ./એમ.કોમ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી./D.El.Ed./બી.એડ.(સ્પેશીયલ એજયુકેશન) માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.(TET-2) માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>અથવા</u>

(b) ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પદ્ધતિ અનુસરવાની રહેશે.

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી/બી.કોમ., બી.એડ.માં મેળવેલા ગુણના | ૪૫ ટકા |
| એમ.એ./એસ.આર.એસ./એમ.કોમ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી. (TET-2)માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

*નોંધ:- પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા. ૭-૭-૦૮ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્ય શિક્ષણ એમ કુલ ૧૦૦૦ ગુણમાંથી*

*મેળવેલ ગુણને આધારે ઉપરોકત ટકાવારી ગણવાની રહેશે. D.El.Ed. ગુણ ગણતરી માટે બીજા વર્ષના પરિણામમાં દર્શાવેલ 'Marks of Merit' ધ્યાને લેવાના રહેશે. વધુમાં વખતો વખત રાજ્ય સરકાર તરફથી નકકી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.*

(D) <u>અંશકાલિન શિક્ષક:-</u>

પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી૮) માં બાળકોની સંખ્યા એકસોથી (૧૦૦) વધારે હશે તે શાળાઓમાં કલાશિક્ષણ, આરોગ્ય અને શારીરિક શિક્ષણ તથા કાર્યશિક્ષણ માટે નીચે મુજબની લાયકાત ધરાવતા એક અંશકાલીન શિક્ષકની ભરતી કરવામાં આવશે.

<u>શૈક્ષણિક લાયકાત:-</u>

કલા શિક્ષણ: એ.ટી.ડી./સંગીત વિશારદ

આરોગ્ય અને શારિરીક શિક્ષણ : સી.પી.એડ./બી.પી.એડ./ડી.પી.એડ.

કાર્યશિક્ષણ : (સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ જેવા કે કાગળકામ, માટીકામ, સુથારીકામ, હસ્તકલા વગેરે- જેમાં બાળકો માટે જોખમરૂપ કોઈ કાર્યનો સમાવેશ કરવાનો રહેશે નહી.)

સરકારશ્રી વખતો વખત નકકી કરે તે પ્રમાણે આ જગ્યાઓ જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અથવા શાળા કક્ષાએથી ભરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાઓમાં સંખ્યા ૧૦૦ કે તેથી ઓછી થાય ત્યારે જે તે શાળા મારફત શિક્ષકોની સેવાઓ સમાપ્ત કરવાની રહેશે.

(E)

(I) પી.ટી.સી./D.El.Ed./બી.એડ./ચાર વર્ષીય B.El.Ed. માટે NCTE એ માન્ય કરેલ સંસ્થામાંથી જ કરેલો હોય તો જ માન્ય ગણાશે. અને બે વર્ષીય D.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને જ વિચારણામાં લેવામાં આવશે.

(II) બે વર્ષીય D.Ed.(Special Education) અને B.Ed. (Special Education)ની તાલીમી લાયકાત ધરાવતાં ઉમેદવારો નિમણૂંક પછી NCTE માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે.

(III) ઉમેદવારે માન્યતા પ્રાપ્ત ત્રણ/ચાર વર્ષીય ઈન્ટીગ્રેટેડ કોર્સ કરેલ હોય અને તે પૈકી સદર ઠરાવ મુજબની કોઇ એક લાયકાતના ગુણ ધ્યાને લેવાના હોય ત્યારે જે તે ગુણપત્રકમાં દરેક લાયકાતના અલગ-અલગ ગુણ દર્શાવેલ હોય તો ગુણાંકન વખતે તે ગુણ ધ્યાને લેવાના રહેશે.

*દા.ત. સંકલિત બી.એડ.-એમ.એડ.ની માર્કશીટમાં બી.એડ.ના ગુણ તથા સંકલિત એમ.એસસી.એમ.એડ. ની માર્કશીટમાં એમ.એસસી.ના ગુણ તથા સંકલિત એમ.એ.એમ.એડ. ની માર્કશીટમાં એમ.એ. ના ગુણ અલગથી દર્શાવેલા હોય તો ધ્યાને લેવામાં આવશે.*

(IV) તાલીમી લાયકાતના છેલ્લા સત્ર (સેમેસ્ટર) માં અભ્યાસ કરતાં હોય અને અંતિમ પરીક્ષાની માર્કશીટ આવેલ ન હોય અને આવા ઉમેદવારોને ટેટ-૧/૨ પરીક્ષા આપવા લાયક ગણેલ હોય ત્યારે આવા ઉમેદવારને ભરતી સમયે અરજી કરવાની છેલ્લી તારીખ સુધી તાલીમી લાયકાતની અંતિમ પરીક્ષા પાસ થયાની માર્કશીટ આવેલ ન હોય તો આવા ઉમેદવારને ભરતી માટે લાયક ગણી શકાશે નહીં

(3) વિદ્યાસહાયકની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારે ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.ED.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

ઉમેદવાર પાસ કરેલી પી.ટી.સી./D.El.Ed. અને ઈનટીગ્રેટેડ બી.એડ.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન દ્વારા માન્ય સંસ્થાઓમાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઈશે.

(૪) જિલ્લાના પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાનાવિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની મળવાપાત્ર જગ્યાઓ શાળાના વિદ્યાર્થી સંખ્યા/વર્ગની સંખ્યાના આધારે વખતો વખત સરકારશ્રી નકકી કરે તે પ્રમાણે રહેશે. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/ પ્રાથમિક શિક્ષકોમાં જે તે વિભાગમાં જેટલી ખાલી જગ્યાઓ પડશે તેટલી જગ્યાઓ જે તે વિભાગ માટે ભરવાની રહેશે. જગ્યાઓ ભરતી વખતે આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓનો પણ સમાવેશ કરી શકાશે. પરંતુ રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ કરતાં વધુ જગ્યાઓ ભરી શકાશે નહિ. વધુમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની ઉપર દર્શાવેલ ફકરા-૨ (A), (B) અને (C) ની જોગવાઓ પ્રમાણે જે કેટેગરીમાં જેટલી જગ્યાઓ ખાલી પડશે તેટલી જગ્યાઓ જે તે કેટેગરી માટે ભરવાની રહેશે.

જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં જે તે માધ્યમમાં જે વિભાગ/વિષયની જગ્યા ખાલી પડે તે વિભાગ/વિષય માટે જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિની માગણી મુજબ જે તે વિભાગ/વિષયની જગ્યા માટે રાજય કક્ષાની સમિતિએ ઉમેદવારના ભલામણ કરવાની રહેશે.

(૫) જિલ્લા શિક્ષણ સમિતિઓ/નગર શિક્ષણ સમિતિઓએ તેઓના જિલ્લા માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વખતો વખત પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતી અનામતની નિયત ટકાવારી ધ્યાને લઈ જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ સહિત જાતિવાર જરૂરીયાત દર્શાવીને ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે જગ્યાની જે તે કેટેગરી મુજબ જરૂરીયાત દર્શાવીને જગ્યાઓ ભરવા માટે માંગણી પત્રક ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

(૬) (અ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨૩ મુજબ વિદ્યાસહાયકની ભરતી માટે નીચે મુજબની રાજ્ય કક્ષાની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી ,પ્રાથમિક શિક્ષણ | અધ્યક્ષ |
| ૨ | સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/અધિક સચિવશ્રી (પ્રા.શિ.) | સભ્ય |
| 3 | નિયામકશ્રી, ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) | સભ્ય |
| ૪ | નાયબ શિક્ષણ નિયામકશ્રી(ભરતી) | સભ્ય સચિવ |

(બ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨૩ અનુસાર વિદ્યાસહાયકની નિમણૂંક માટેની પસંદગી સમિતિ નીચે મુજબ રહેશે. નિમણૂંક માટેની પસંદગી સમિતિમાં ઓછામાં ઓછા બે સભ્યો હાજર હોવા જોઈશે.

- જિલ્લા શિક્ષણ સમિતિ માટે

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા શિક્ષણાધિકારી | સભ્ય |
| 3 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ | સભ્ય |
| ૪ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | સભ્ય સચિવ |

- મહાનગર પાલિકા/નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે

| | | |
|---|---|---|
| ૧ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા શિક્ષણાધિકારી | સભ્ય |
| 3 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ | સભ્ય |
| ૪ | શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | સભ્ય સચિવ |

(૭) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓ દ્વારા મળેલ માંગણી પત્રકને સંકલિત કરી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં સંયુકત જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં **ઓનલાઇન** અરજીઓ મંગાવવાની રહેશે. ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સાથે જાહેરાતમાં ઉલ્લેખ કર્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બિડવાની રહેશે. ઉમેદવારે નિયત અરજી પત્રક કોઈપણ જિલ્લામાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા નિયત કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર જમા કરાવવાના રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ અરજીફોર્મ સ્વીકારતી વખતે અરજી ફોર્મ તથા અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે.

રાજયની સમિતિએ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઈ મેરીટ પ્રમાણે ઉમેદવારોની યાદી તૈયાર કરી જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓના માંગણા પત્રક મુજબની જિલ્લાવાર ઉમેદવારની પસંદગી યાદી મોકલી આપવાની રહેશે. જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ તેઓને ફાળવી આપેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે. શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ થાય તેવી કોઈ પણ ક્ષતિ જેવી કે અંધાપો, બહેરાશ, તોતડાપણું, હલનચલનમાં તકલીફ કે કાળા પાટીયા પર લખવા વગેરેમાં તકલીફ ધરાવતો નથી તે બાબતની ચકાસણી માટે રૂબરૂ મુલાકાતમાં બોલાવી કેમ્પ યોજીને ગુણાનુક્રમ અનુસાર હુકમો આપવાના રહેશે.

(૮) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની માંગણી મુજબ કેટેગરી વાઈઝ તૈયાર કરેલ પ્રતિક્ષાયાદીમાંથી ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ નીચે મુજબ (૧) થી (૪) માં દર્શાવેલ સંજોગોમાં ઉમેદવારોના નામોની ભલામણ કરવાની રહેશે.

(I) સ્ટાફની ભરતી માટે કોઈ ઉમેદવાર કે જેઓને મેરીટ પ્રમાણે જિલ્લાની ફાળવણી થાય ત્યારે શિક્ષણ સમિતિએ આપેલ તારીખે (અથવા વધારે આપેલ તારીખ સુધી.) સમિતિ

સમક્ષ પ્રમાણપત્રની ચકાસણી માટે હાજર ન થાય અથવા નિમણૂંક પત્ર મેળવ્યા પછી નક્કી કરે (અથવા અરજીથી વધારેલ) તારીખ સુધી હાજર ન થાય ત્યારે આ પ્રમાણે જિલ્લાઓમાં ખાલી પડતી જગ્યાઓ ઉપર પ્રતિક્ષાયાદી ઉપરના ઉમેદવારોને નિમણૂંક આપવાની રહેશે. બીજા જિલ્લામાં ફાળવાયેલ ઉમેદવારને કોઈ સંજોગોમાં રીશફલીંગ કરી આપવામાં આવશે નહી.

(II) સબંધિત પસંદગી યાદીમાનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉંમર વિષયક/ શારિરિક યોગ્યતા /સમક્ષ સત્તાધિકારીએ જાતિ વિષયક પ્રમાણપત્ર અમાન્ય ઠરાવેલ હોય/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે/રહે.)

(III) સબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે તે કારણથી જગ્યા ખાલી પડે.

(IV) ઉમેદવાર જિલ્લા કક્ષાએ શાળા/સ્થળ પસંદગી વખતે પોતાનો હક્ક સ્વેચ્છાએ જતો કરે ત્યારે જગ્યા ખાલી પડે.

(૯) જે તે જિલ્લામાં વિદ્યાસહાયકોની કુલ મંજુર થયેલી જગાઓના પ્રમાણમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ તથા શારિરીક ખોડ-ખાંપણની કેટેગરી માટે રાજય સરકારે સીધી ભરતી માટે નકકી કરેલ અનામતની નિયત ટકાવારી મુજબ નિમણૂંક કરવાની રહેશે. તથા સામાન્ય વહીવટ વિભાગના વખતો વખતના ઠરાવ અન્વયે માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

(૧૦) સા.વ.વિ.ના તા.૯-૪-૯૭ના જાહેરનામાં ક્રમાંક:જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૨/ ગ-૨ તથા વખતો વખતના જાહેરનામા/ઠરાવ મુજબ મહિલાઓ માટે જે તે કેટેગરીમાં ૩૩ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે.

(૧૧) સરકાર દ્વારા વખતોવખત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત આપવામાં આવેલ સુચના અને શરતોને આધીન રહીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ નિમણૂંક આપવાની રહેશે.

(૧૨) વિદ્યાસહાયકોને પાંચ વર્ષ સુધી પ્રતિ માસ રૂ.૧૯૯૫૦/- અથવા સરકારશ્રી વખતો વખત નકકી કરે તે પ્રમાણેનું ઉચ્ચક માનદ વેતન આપવાનું રહેશે.

(૧૩) વિદ્યાસહાયકની નોકરી માટે પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫) માટે લધુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા - ૩૩ તથા ઉચ્ચ પ્રાથમિક શાળા (ધોરણ ૬ થી ૮) માટે લધુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા - ૩૫ વર્ષની રહેશે. તેમજ સરકાર દ્વારા આપવામાં આવતી વય-મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

અપવાદ:(૧) પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ (EWS), શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવાર તથા મહિલા ઉમેદવારને ઉપર્યુક્ત નિયત મહત્તમ વયમર્યાદામાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ના નિયમ-૮(૨) ની જોગવાઈ મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવોથી કોઈપણ વર્ગને ઉપલી વયમર્યાદામાં કોઈ છૂટછાટ આપવામાં આવી હશે તે છૂટછાટ તે વર્ગને વિદ્યાસહાયકની જગ્યાએ ભરતીમાં મળવાપાત્ર રહેશે.

(૧૪) વિદ્યાસહાયક તરીકે નિમાયેલ ઉમેદવારની સેવાઓ પાંચ વર્ષ દરમિયાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ પૂર્ણ કરેથી જિલ્લા/મહાનગર પાલિકા/નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના મહેકમમાં પ્રાથમિક શિક્ષકના નિયમિત પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે ૨૪૦૦) (સાતમા પગારપંચ મુજબ લેવલ-૪ માં ૨૫૫૦૦-૮૧૧૦૦ ) માં અથવા સરકાર વખતો-વખત નક્કી કરે તે મુજબ સમાવવાના રહેશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વખતોવખત ઠરાવથી નકકી કરે તે મુજબ સંતોષકારક સેવાઓ નહી જણાય તો પાંચ વર્ષ પહેલા પણ વિદ્યાસહાયકની સેવાઓ સમાપ્ત કરી શકાશે.

(૧૫) જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં જે તે માધ્યમની શાળાઓમાં ખાલી થતી/ઉભી થતી જગ્યાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઈલ-૭-ક થી નક્કી થયેલ જે તે માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા નિયત કરેલ ટકાવારી સાથે પાસ કરવાની રહેશે.

(૧૬) સંદર્ભમાં દર્શાવેલ ક્રમ (૧) થી (૯) સામે દર્શાવેલા શિક્ષણ વિભાગના ક્રમ-(૪) તથા (૮) સિવાયના તમામ ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

(૧૭) આ ઠરાવની સમીક્ષા આગામી તા.૩૧-૦૩-૨૦૨૪ ના રોજ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામ.

જયશ્રી દેવાંગન

(જયશ્રી દેવાંગન)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (પ્રા.શિ/મા.શિ.)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ARTD) , સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક-૭, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, GCERT, સેકટર-૧૨, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી(ભરતી), નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર
- ડાયરેકટરશ્રી, IITE, સેકટર-15, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી(મહેકમ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ-૨૦૨૩
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩